For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**ખબર હતી કે ક્ષમતા કરતાં ચાર ગણા લોકો ઉમટવાના છે, અઠવાડિયાનો સમય હતો તો પણ પાલિકા અને પોલીસ નિષ્ફળ**

# લંગરથી સી-ફેસ પહોંચવામાં 1 કલાક

**એરપોર્ટથી** લંગર સુધી પહોંચવા લોકો અઢી કિમી સુધી ચાલતા ગયા

**જેમ** તેમ પહોંચેલા સહેલાણીઓને પણ 7 વાગ્યે બહાર કઢાયા

**ત્રણ** દિવસ પહેલાં ઉચ્ચ અધિકારીઓને વનવે અને પાર્કિંગના મોટા મોટા પ્લાન બનાવ્યા હતા



(તસવીર : હેમંત ડેરે)

સુરતઃ સુરતીઓ જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે ડુમસ સી-ફેસ પ્રોજેક્ટ અત્યારે સહેલાણીઓ માટે આનંદને બદલે આફત સમાન બની રહ્યો છે. સતત બીજા વીક એન્ડમાં સુરત પોલીસ અને મનપાનું તંત્ર વ્યવસ્થા જાળવવામાં સાવ નિષ્ફળ સાબિત થયું છે. ત્રણ દિવસ પહેલા જ ઉચ્ચ અધિકારીઓએ બેઠકો કરી વન-વે અને પાર્કિંગ માટે મોટા-મોટા પ્લાન બનાવ્યા હતા, પરંતુ રવિવારની વાસ્તવિકતામાં આ તમામ

અનુસંધાન પાના ૫ પર

### એરપોર્ટથી લંગર સુધી ટ્રાફિક જામ

રવિવાર અને ઈદની રજાના કારણે માનવમહેરામણ ઉમટી પડતા સુરત એરપોર્ટથી લઈને ડુમસ લંગર સુધી અંદાજે ૪ કિમી લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. સ્થિતિ એટલી હદે વણસી હતી કે લોકોએ ૨ થી ૨.૫ કિમી દૂર ગાડીઓ પાર્ક કરીને સી-ફેસ સુધી ચાલીને જવાની ફરજ પડી હતી. પાર્કિંગ હાઉસફુલના બોર્ડ ગણતરીના કલાકોમાં જ લાગી ગયા હતા, જેના કારણે રસ્તા પર અસ્તવ્યસ્ત પાર્કિંગને લીધે ટ્રાફિકમાં વધુ ગૂંચવાડો થયો હતો.

### રિક્ષામાં આવી તો ગયા હવે ઘરે કેવી રીતે જશું? તેવી ચિંતા : લીંબુ શેરી ગૃપ



એક મિત્રોનું ગ્રુપ ઈન્સ્ટાગ્રામ પર રીલ જોઈને લીંબુશેરી વિસ્તારથી રીક્ષા કરી ડુમસ પહોંચ્યા હતા. ગ્રુપમાં આરતી કામી, મમતા, રોશની અને નરેશ એમ 4 મિત્રોએ જણાવ્યું હતું કે, અમે રીલ જોઈને ડુસમ તો આવી ગયા, રીક્ષાવાળાએ તેમને લંગર સુધી છોડ્યા હતા. પરંતુ હવે ઘરે પાછા જવા માટે એટલો ટ્રાફિક વધી ગયો હતો કે, ઘરે પાછા જવા રીક્ષા ક્યાંથી મળશે તે તકલીફ થઈ હતી. તેમજ ડુમસ સી ફેઝ પર ટોયલેટ બ્લોક ખુબ જ ગંદા હોય છે જેના કારણે છોકરીઓને તકલીફ પડી હતી તેમ તેઓએ જણાવ્યું હતું.

### ડુમસ પીઆઇને ખબર જ નથી કે સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે તો ટિકિટ છે

ડુમસ પી.આઇ. એન.વી.ભરવાડે જણાવ્યુ હતું કે, ડુમસ સી ફેઝ હાલ જ ખુલ્લો મુકાયો છે અને અત્યારે ઘણી શાળામાં વેકેશન પણ હોય, મુલાકાતીઓ વધુ સંખ્યામાં આવી રહ્યા છે. તેમાં પણ

અનુસંધાન પાના ૫ પર

### ચાર ગણા ટ્રાફિકને કંટ્રોલ કરવાનું ગજુ સુરત પોલીસનું નથી



એસીપી એમએસશેખે જણાવ્યું હતું કે શનિવારની ઈદ અને રવિવાર જાહેર રજાનો દિવસ આવતા ડુમસ સી ફેઝ પર વિઝીટર ચાર ગણા થઈ ગયા હતા. જેના કારણે ટ્રાફિક કંટ્રોલ કરવો મુશ્કેલ થયો હતો. ડુમસ તરફ આવવાની એન્ટ્રી તેમજ ચારે બાજુ બેરીકેડીંગ કરાયું હતું કે ટ્રાફિકનું નિયમન સુચારૂ રીતે થાય. પરંતુ ગણતરી કરતા પણ વધારે પ્રમાણમાં લોકો આવ્યા હતા. તેથી ટ્રાફિક જામ થયો છે. આટલો ટ્રાફિક તો ગયા અઠવાડિયે પણ હતો છતાં સુરત ટ્રાફિક પોલીસનું આ સ્થિતિને કંટ્રોલ કરવાનું ગજુ જ નથી તે સાબિત થઇ ગયું છે.

### પીવાનાં પાણી માટે વલખા, ટોયલેટમાં ગંદકીનું સામ્રાજ્ય

કરોડોના ખર્ચે બનેલા આ પ્રોજેક્ટમાં પાયાની સુવિધાઓનો ધરાર અભાવ જોવા મળ્યો હતો. સી-ફેસ પર પીવાના પાણીની કોઈ સગવડ ન હોવાથી ઉનાળાની ગરમીમાં લોકો વલખા મારતા નજરે પડ્યા હતા. બીજી બાજુ ટોયલેટ અને વોશરૂમની વ્યવસ્થા ભીડની સરખામણીએ અત્યંત ઓછી પડતા ગંદકીના ગંજ ખડકાયા હતા.

### ટ્રાફિકના સાતકોઠા પાર કર્યા તો એન્ટ્રી બંધ થઇ ગઇ

તંત્રની સૌથી મોટી નિષ્ફળતા સમય પ્લાનિંગમાં જોવા મળી હતી. સાંજે 7 વાગતા જ એન્ટ્રી બંધ કરી દેવાતા દૂર-દૂરથી આવેલા પરિવારોને વીલા મોઢે પરત ફરવું પડ્યું હતું. અંદર રહેલા લોકોને બહાર કાઢવા માટે ઉતાવળ કરાતા અફરાતફરી અને ધક્કામુક્કીના દ્રશ્યો સર્જાયા હતા. આઠ વાગ્યે ફરવા નીકળવા ટેવાયેલા સુરતીઓ માટે સાત વાગ્યાનો ડેડલાઈન સમય 'ધરમનો ધક્કો' સાબિત થઈ રહ્યો છે.

### ડુમસના સ્થાનિકો ટ્રાફિકને લીધે ઘરમાં જ કેદ થઇ જાય છે

સી-ફેસ તરફ જતા મુખ્ય રસ્તાઓ પર લાંબો ટ્રાફિકજામ સર્જાતા ડુમસ સી ફેઇસ જતી તમામ ગલીઓ પેક થઈ જતા ડુમસ ગામના રહીશો પણ પોતાના જ ઘરમાં કેદ થઈ ગયા હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. ગામની દુકાનો અને સ્ટોલ પર પાણીની બોટલો અને નાસ્તાના પકેટે લેવા પણ લાઇન લાગી હતી.

**ગેરકાયદે આશ્રમ તોડવામાં તંત્ર કોની રાહ જોઇ રહ્યું છે?**

# નકલી નોટ કિંગ યોગગુરુના પિતાની ધોરણપારડીના યુવકને ફોન પર ધમકી

**એક** સાધિકાએ ફોન પર કહ્યું આશ્રમ અને ગુરુજીને શા માટે બદનામ કરો છો? માનહાનિનો દાવો કરીશું

### 33%ના દરે નકલી નોટોની ડીલ

આરોપીઓએ અમદાવાદ સહિતના વિસ્તારોમાં એજન્ટો બનાવ્યા હતા. એક લાખ રૂપિયાની નકલી નોટો માત્ર રૂ.30 હજારથી રૂ.33 હજારના દરે વેચાતી હતી. પોલીસના કહેવા મુજબ, આ લોકો રૂ.2 કરોડથી વધુની નકલી નોટોનો સોદો કરવા અમદાવાદ આવ્યા હતા, પરંતુ ડીલ થાય તે પહેલાં જ ઝડપાઈ ગયા.

### નકલી નોટ માટેનું કાગળ 10થી વધુ સિક્યુરિટી ફિચર્સ ધરાવતું હતું, એક બોક્સની કિંમત 1.50લાખ રૂપિયા

ક્રાઈમ બ્રાન્ચની પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે કે સુરત નજીક આશ્રમ ચલાવતા પ્રદીપ ગુરુજી પોતાના અનુયાયીઓ સાથે મળીને નકલી નોટો છાપવાનો ધંધો ચલાવતા હતા. આશ્રમમાં યોજાતી બેઠકોમાં જ આખું નેટવર્ક સંચાલિત થતું હતું. આરોપીઓએ બજારમાં પહેલેથી જ લાખો રૂપિયાની નકલી નોટો ચલાવી દીધી હોવાની પણ આશંકા છે.

કામરેજઃ અમદાવાદમાં મહિલા સહિત સાત લોકોની અમદાવાદના અમરાઈવાડી નજીકથી 2.10 કરોડની ડુપ્લિકેટ ચલણી નોટો સાથે પકડાઈ જવાની ઘટનામાં યોગગુરુના સાધકો તેમજ પરિવાર દ્વારા ગામ લોકોને ધમકીઓ આપવામાં આવી રહી હોવાની વાત બહાર આવી છે. કામરેજ તાલુકાના ધોરણપારડી ગામે તાપી નદીના કિનારે આવેલા સત્યમ યોગધામના યોગગુરુ પ્રદિપ જોટંગિયા, એક મહિલા સહિત સાત લોકોને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે અમરાઈવાડી વિસ્તારમાંથી રૂ.2.10 કરોડની ડુપ્લિકેટ ચલણી નોટો સાથે ધરપકડ કરવામાં આવી હતી. જે ઘટનાના પ્રત્યાઘાત ધોરણપારડી ગામમાં પણ પડ્યા છે. આશ્રમના લઈને ગામ લોકો ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. આશ્રમ પહેલાથી વિવાદમાં આવ્યો છે. આશ્રમની ફરતે 15 ફૂટ જેટલી ઊંચી દિવાલો પણ બનાવી દેવામાં આવી છે. ગામના લોકોને પણ આશ્રમમાં ફરકવા દેવામાં આવતા ન હતા. જેના લઈને ગામ લોકોને આશ્રમમાં ગોરખધંધા થતાં હોવાની ગંધ આવી હતી. જયારે યોગગુરુ પ્રદિપ જોટંગિયા ડુપ્લિકેટ નોટ સાથે પકડાયો હોવાના સમાચાર બહાર આવતા ગામ લોકો આશ્રમ ગયા હતા. ગામને વિશ્વ ફલક પર બદનામ કરવાની ભૂમિકા ભજવનાર સામે ગ્રામજનોમાં ભારે રોષ જોવા

અનુસંધાન પાના ૫ પર

# બે મેચ રમ્યા બાદ 33 વર્ષનો યુવાન બોક્સમાં જ ઢળી પડ્યો

**સારોલી** વિસ્તારના બોક્સ ક્રિકેટમાં મૃત્યુ પામનાર યુવાન પરિવારનો એક માત્ર આર્થિક આધાર હતો

સુરતઃ ઉધના વિસ્તારમાં રહેતા 33 વર્ષીય કમલેશ સાલવીનું ક્રિકેટ પ્રેક્ટિસ દરમિયાન અચાનક બેભાન થઈ મોત નિપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, કમલેશ ચંદ્રકાંત સાલવી સારોલી વિસ્તારમાં આવેલા ક્રિકેટ બોક્સમાં મિત્રો સાથે પ્રેક્ટિસ માટે ગયા હતાં. તેમણે સતત બે મેચ રમ્યા બાદ થોડો વિરામ લેતા હતા, ત્યારે અચાનક બેભાન થઈ જમીન પર ઢળી પડ્યા હતા. સાથીઓ દ્વારા તરત જ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છતાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક તબક્કે આ ઘટના પાછળ હાર્ટ એટેકનું કારણ માનવામાં આવી રહ્યું છે. જોકે, છેલ્લા થોડા સમયથી શહેરમાં સ્વસ્થ અને યુવાન લોકોમાં અચાનક હાર્ટ સંબંધિત સમસ્યાઓ વધી રહી હોવાના બનાવો સામે આવતા આ ઘટનાએ ચર્ચા વધુ તેજ કરી છે. મૃતક કમલેશ તેમના પરિવારના એકમાત્ર કમાઉ સભ્ય હતા. તેમના પરિવારમાં પત્ની અને એક નાની દીકરી છે. અચાનક થયેલી આ દુર્ઘટનાથી પરિવાર પર આર્થિક અને માનસિક બંને પ્રકારનો

અનુસંધાન પાના ૫ પર

# ડોલર 93 સુધી પહોંચતા વિદેશી અભ્યાસ થયો મોંઘો

**વિદેશમાં** ભણતા વિદ્યાર્થીઓ પર વધ્યો લાખો રૂપિયાનો બોજ

**હવે** વિદેશી અભ્યાસ માટે ટ્રેન્ડ' નહીં, પરંતુ વિચારપૂર્વકનો નિર્ણય જરૂરી



સુરતઃ વિશ્વના મિડલ ઈસ્ટ વિસ્તારમાં વધતા જિયોપોલિટિકલ તણાવનો પ્રભાવ હવે વૈશ્વિક અર્થતંત્ર પર સ્પષ્ટ રીતે દેખાઈ રહ્યો છે. ખાસ કરીને અમેરિકન ડોલર (USD)ના વધતા ભાવને કારણે ભારતીય વિદ્યાર્થીઓ માટે વિદેશી અભ્યાસ વધુ ખર્ચાળ બની ગયો છે. 2023માં આશરે રૂ.82 રહેલો ડોલરનો દર 2026માં વધીને રૂ.93 સુધી પહોંચી ગયો છે, જેનાથી વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો પર નોંધપાત્ર આર્થિક બોજ ઉભો થયો છે. માહિતી મુજબ,

અનુસંધાન પાના ૫ પર

### મિડલ ઈસ્ટના દેશોમાં પણ વિદ્યાર્થીઓ મુશ્કેલી વધી

આ અસર માત્ર અમેરિકા પૂરતી મર્યાદિત નથી. કેનેડા, યુકે, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ જેવા દેશોમાં પણ ડોલર સાથે સંકળાયેલી કરન્સીના કારણે રહેવા, ખોરાક, ટ્રાન્સપોર્ટ અને અન્ય દૈનિક ખર્ચોમાં વધારો નોંધાયો છે. મિડલ ઈસ્ટના દેશોમાં પણ ડોલર આધારિત આયાતના કારણે જીવનખર્ચ વધતા વિદ્યાર્થીઓ મુશ્કેલી અનુભવી રહ્યા છે.

### વિદ્યાર્થીઓ પાર્ટ ટાઈમ નોકરી કરવા મજબૂર બની રહ્યા છે

વધતા ખર્ચને કારણે ઘણા વિદ્યાર્થીઓએ પાર્ટ-ટાઈમ નોકરીઓમાં વધારો કરવો પડ્યો છે, જ્યારે કેટલાક પોતાના ખર્ચ ઘટાડવા માટે જીવનશૈલીમાં ફેરફાર કરી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં વિદેશી અભ્યાસ લેવાનો નિર્ણય હવે માત્ર 'ટ્રેન્ડ' કે 'સોશિયલ સ્ટેટસ' માટે નહીં, પરંતુ વ્યૂહાત્મક અને નાણાકીય રીતે મજબૂત આયોજન સાથે લેવો જરૂરી બની ગયો છે.

# મિત્ર દરવાજો બંધ કરીને ચાલ્યો જતાં બાળક ૨૧ કલાક ખંડેરમાં ફસાયું

**ગુમ** થયેલા બાળકને શોધવા ભેસ્તાન પોલીસની અનેક ટીમ કામે લાગી

**અંધારી** રૂમમાં ભૂખ્યો અને તરસ્યો રહ્યો, અંતે પરિવાર સાથે સુખદ મિલન

### બિલ્ડિંગમાં લાઇટ, પંખા કે વેન્ટિલેશન નહીં હતું

પોલીસે તાત્કાલિક તે અવાવરુ બિલ્ડિંગમાં પહોંચી તપાસ કરતા ૨૧ કલાકથી કેદ અબુતલ્હા મળી આવ્યો હતો. આ બિલ્ડિંગમાં લાઈટ, પંખા કે વેન્ટિલેશનની કોઈ સુવિધા નહોતી. ભયાનક અંધારામાં લાંબો સમય એકલા અને ભૂખ્યા-તરસ્યા રહેવાને કારણે માસુમ બાળક અત્યંત ગભરાઈ ગયું હતું અને અસ્વસ્થ જણાતું હતું. પોલીસે તુરંત તેને પ્રાથમિક સારવાર અપાવી હતી. સંપૂર્ણ સ્વસ્થ થયા બાદ અબુતલ્હાને તેના પિતા મોહંમદ કલીમ અન્સારીને સોંપવામાં આવ્યો હતો. ખોવાયેલો પુત્ર હેમખેમ પાછો મળતા પરિવારની આંખોમાં હર્ષના આંસુ આવી ગયા હતા અને તેઓએ પોલીસનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

સુરતઃ ભેસ્તાન વિસ્તારમાં ૨૧ કલાકથી ગુમ થયેલા ૪ વર્ષના માસુમ બાળકને ભેસ્તાન પોલીસે અત્યંત જહેમત બાદ અવાવરુ બિલ્ડિંગના બંધ રૂમમાંથી શોધી કાઢ્યો છે. રમતા-રમતા મિત્રએ બહારથી દરવાજો બંધ કરી દેતાતે ૨૧ કલાક સુધી અંધારામાં ભૂખ્યો-તરસ્યો ફસાયેલો રહ્યો હતો. ભેસ્તાન ઉન પાટિયા સ્થિત તિરૂપતીનગરમાં રહેતા મોહંમદ કલીમ અબ્દુલમજીદ અન્સારીનો ૪ વર્ષનો પુત્ર અબુતલ્હા ગઈ તારીખ ૨૦/૦૩/૨૦૨૬ના રોજ સાંજે અચાનક ગુમ થઈ જતાં તેમણે રાત્રે ૧૦:૧૦ વાગ્યે ભેસ્તાન પોલીસ મથકે પહોંચી બાળક ગુમ થયાની જાણ કરી હતી. જેથી ભેસ્તાન પીઆઈ અને સર્વેલન્સ સ્ટાફના પીએસઆઈ દ્વારા અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરતા બાળકના ફોટા સોશિયલ મીડિયાના વિવિધ ગ્રુપોમાં વાયરલ કર્યા હતા. રેલવે સ્ટેશન, બસ સ્ટેશન અને બાગ-બગીચા જેવા જાહેર સ્થળોએ સઘન તપાસ હાથ ધરી હતી.વિસ્તારના સીસીટીવી કેમેરા ચેક

અનુસંધાન પાના ૫ પર


ધી સૂરત પીપલ્સ કો-ઓ. બેન્ક લિ.
સ્થાપના : ૧૯૨૨ મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક

૧૦૫ વર્ષનો વિશ્વાસ - હવે વધુ આધુનિક સુવિધાઓ સાથે

₹૧૩૦૦૦+ કરોડથી વધુનો બિઝનેસ ધરાવતી તથા ₹૧૩૦૦+ કરોડથી વધુનાં પ્રભાવશાળી વાર્ષિક વૃધ્ધિ સાથે ગુજરાતની અગ્રણી મલ્ટી સ્ટેટ શિડયુલ્ડ કો-ઓ. બેન્કની શાખાઓ હવે આપના વિસ્તારમાં

ન્યુ ગૌરવપથ રોડ શાખા ૨૩.૦૩.૨૦૨૬ થી શરૂ
અમરોલી છાપરા ભાઠા શાખા ૨૫.૦૩.૨૦૨૬ થી શરૂ
ઈતિહાસમાં પ્રથમવાર એકજ અઠવાડિયામાં આપના વિસ્તારમાં ૪ નવી શાખાઓનું ઉદ્‌ઘાટન અને કુલ ૩૬ શાખાઓ સાથે સેવામાં
બારડોલી શાખા 30.03.૨૦૨૬ થી શરૂ
કામરેજ શાખા ૨૭.૦૩.૨૦૨૬ થી શરૂ

એડ્રેસ માટે QR કોડ સ્કેન કરો.

અમારી આધુનિક બેન્કિંગ સુવિધાઓ
- કેશ પીકપ / ચેક પીકપ
- QR કોડ - સાઉન્ડ બોક્ષ, પી.ઓ.એસ. મશીન
- મોબાઇલ બેન્કિંગ
- બિલ પેમેન્ટ
- નેટ બેન્કિંગ
- એ. ટી. એમ., BNA, પાસબુક પ્રિન્ટર
- પેમેન્ટ ગેટવે
- 24x7 કસ્ટમર સર્પોટ

સર્વ ગ્રાહકો, શેર હોલ્ડર્સ તથા સહયોગીઓનો સહકાર બદલ હાર્દિક આભાર.

અમિત ગજ્જર પ્રમુખ | જસ્મીન મહેતા ઉપપ્રમુખ | બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તેમજ બોર્ડ ઓફ મેનેજમેન્ટ | કલ્પેશ શાહ મેનેજીંગ ડિરેક્ટર

તેમજ સમસ્ત બેન્ક કર્મચારી પરિવાર

રજીસ્ટર્ડ/ સેન્ટ્રલ ઓફિસઃ 'વસુધારા ભવન', ટીમલીયાવાડ, નાનપુરા, સુરત - ૩૯૫૦૦૧, ફોન.: (+૯૧-૦૨૬૧) ૨૩૮૧૬૦૦, ટોલ ફ્રી નં.: ૧૮૦૦૨૩૩૭૭૨૨, ઈ-મેઇલઃ info@spcbl.in, વેબસાઇટઃ www.spcbl.in


# મિત્રએ સાથે ઘરે પરત આવવાની ના પાડતા હત્યા

**બંને** સાથે ચીકન લેવા ગયા હતા ત્યારે મૃતકે આરોપીની સાથે જવાની ના પાડતા છરીના ઘા ઝીંકી દીધા

સુરતઃભેસ્તાન ઓવરબ્રિજ નીચે ઘરે સાથે પરત જવાની બાબતે થયેલી બોલાચાલીમાં ઉશ્કેરાયેલા એક યુવકે તેના જ મિત્ર પર છરી વડે જીવલેણ હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. પોલીસે આરોપીને ગણતરીના કલાકોમાં ઝડપી લીધો છે. ભેસ્તાન આવાસમાં રહેતા રકબીરસિંહ ઉર્ફે રઘુવીરસિંહ ટાંક (ચીકલીગર) અને આકાશ સંજયભાઈ પાટીલ છેલ્લા આઠ-નવ મહિનાથી ગાઢ મિત્રો હતા. શનિવારે રાત્રે બંને મિત્રો રકબીરની મોટરસાઈકલ પર ભેસ્તાન ઓવરબ્રિજ નીચે ચીકન લેવા માટે આવ્યા હતા. ત્યાં આકાશના અન્ય મિત્રો બેઠેલા હોવાથી તે તેમની પાસે બેસી ગયો હતો. થોડીવાર પછી રકબીરે આકાશને પોતાની સાથે પરત ઘરે ચાલવા કહ્યું હતું, પરંતુ આકાશે ના પાડી દીધી હતી. રકબીરે તેને પોતાની સાથે જ લઈ જવાની જીદ પકડતા બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝઘડો થયો હતો. આ વિવાદ એટલો વકર્યો કે રવિવારે વહેલી સવારે અઢી વાગ્યાના અરસામાં ભેસ્તાન બ્રીજ નીચે રકબીરે ઉશ્કેરાઈ જઈ પોતાની પાસે રહેલી છરી વડે આકાશના શરીર પર ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા. ગંભીર રીતે ઘવાયેલા આકાશનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પી.આઈ. આર.જે. ચુડાસમાને બાતમી મળી હતી કે, આરોપી રકબીર ભેસ્તાન આવાસના બી-બ્લોકની પાછળની દીવાલ કૂદીને

અનુસંધાન પાના ૫ પર


અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦


### ચોથી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલી



આપ યાદ આવો હર એક વ્યવહારમાં ખુશીઓમાં તહેવારમાં જીવંત છો આપ અમારી સુવાસમાં સ્મરણ તમારૂ થતા મન મૂકીને રડાવતાં અમારા પ્રત્યે અખૂટ લાગણી સાથેનો આપનો માયાળું સ્વભાવ અને પ્રેમાળ હૃદયની મમતા સદાયે અમારા હૃદયમાં જીવંત રહેશે. પ્રભુ આપના પવિત્ર આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સ્વ. હીરાલાલ ખુશાલભાઈ કંથારીઆ
સ્વ. તા. ૨૩.૦૩.૨૦૨૨

લિ. પુષ્પાબેન હીરાલાલ કંથારીઆ
ધર્મેશ હીરાલાલ કંથારીઆ
ભાવેશ હીરાલાલ કંથારીઆ
સ્વ. જીજ્ઞા વિકાસકુમાર સુરતી
તથા કંથારીઆ પરિવાર

### ૧૬મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



કરૂણા જેના હૃદયમાં હતી. પરોપકાર જેના પગલામાં હતુ. કોઈના દુઃખે દુઃખી અને કોઈના સુખે સુખી એવો જેમનો જીવનમંત્ર હતો એવા પુણ્ય આત્માને પરિવાર તરફથી શ્રદ્ધાંજલિ આપીએ છીએ.

સ્વ. પ્રવિણચંદ્ર ખંડુભાઈ પટેલ
સ્વ. તા. ૨૩-૦૩-૨૦૧૦

લિ.
ગં.સ્વ. નિર્મળાબેન પ્રવિણચંદ્ર પટેલ | વિરાટ પ્રવિણચંદ્ર પટેલ
જૈમિનકુમાર પ્રવિણચંદ્ર પટેલ | દિવ્યેશકુમાર સૂર્યવદન પટેલ
ઈના જૈમિનકુમાર પટેલ | કલ્પના દિવ્યેશકુમાર પટેલ
હાર્વી જૈમિનકુમાર પટેલ | ક્રિશા દિવ્યેશકુમાર પટેલ

### બારમી પૂણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



આપના જેવા દિવ્ય માતા મળવા અમારું ભાગ્ય છે. આપે સીંચેલા સંસ્કારો અને આપે આપેલા આર્શીવાદો અમને હંમેશા સદમાર્ગે આગળ વધારતા રહેશે અને સુવાસ કાયમ પ્રસરતી રહેશે. જગતની તમામ સમૃધ્ધી મળશે પણ કલ્પવૃક્ષ જેવી તમારી છાયા કયાંય નહીં મળે. આપ હયાત નથી પણ હરપળ સાથે છો એવું લાગ્યા કરે છે. યાદોમાં તમારા ચહેરાના દર્શન થયા કરે છે. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના.

સ્વ. શતુબેન ભાણાભાઈ તાડવાલા
(ચૈત્ર સુદ પાંચમ)

લિ . સમસ્ત તાડવાલા પરિવાર
નિવાસ સ્થાન : તાડફળિયા, નાનીબજાર, ડુમસ, સુરત.

### દ્વિતીય માસિક પુણ્યસ્મરણ



"પુનરુત્થાન તથા જીવન હું (ઇસુ) છું; જે મારા પર વિશ્વાસ કરે છે તે જો મરી જાય તો પણ જીવતો થશે." - બાઇબલ

તમારું જીવન ઈશ્વરની કૃપાનું પ્રતીક હતું અને તમારી યાદો અમારા માટે એક માર્ગદર્શક પ્રકાશ સમાન છે. અમે તમારી સાથે વિતાવેલી દરેક ક્ષણને વહાલી ગણીએ છીએ અને એ દિવસની રાહ જોઈએ છીએ જ્યારે આપણે ફરી પ્રભુના ઘરમાં મળીશું.

સ્વ. સવિતાબેન માર્ટીનભાઈ ટેલર
સ્વ. તા. ૨૩-૦૧-૨૦૨૬

માર્ટીનભાઈ એન. ટેલર તથા પરિવાર

### સાતમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી



સ્વ. ચંપકભાઈ મનુભાઈ સોપારીવાલા
સ્વ.તા.૨૩/03/૨૦૧૯

પપ્પાજી, આપના ઉચ્ચ વિચાર, વાણી અને આચરણ થકી આજે પણ આપ અમારી વચ્ચે જ છો. એમ તો આપને અહર્નિશયાદ કરીએ જ છીએ પણ, એથી યે વિશેષ અન્યો આપની સચોટ સલાહો અને નિઃસ્વાર્થ, નિઃશુલ્ક સેવાઓને યાદ કરે છે. ભણતર કરતા વ્યવહારિક જ્ઞાન ચઢિયાતું હોય છે એના આપ જવલંત ઉદાહરણરૂપ હતા.

શોકાતુર

ગં.સ્વ. જયશ્રીબેન ચંપકભાઈ સોપારીવાલા
દર્શનાબેન દિવ્યેશ ગાંધી (પુત્રી)
કિર્તીના ચંપકભાઈ સોપારીવાલા (પુત્રી)
હિમાંશુ ચંપકભાઈ સોપારીવાલા (પુત્ર)
અયાન હિમાંશુ સોપારીવાલા (પૌત્ર)
અદી દિવ્યેશ ગાંધી - માહી દિવ્યેશ ગાંધી
જુહુ સોપારીવાલા